ગાંધીનગર સમાચાર

# પરી હું મેં...

એક છોકરી સ્ટેજ ઉપર ગઈ ત્યારે એનો પાનો ચઢાવતા કેટલાક મિત્રોએ કિકિયારીઓ પાડી કહ્યું, 'એવું નાચ કે સ્ટેજ હલી જાય.' તરત જ બીજા એક ગૃપમાંથી અવાજ આવ્યો, 'જોજે તૂટી ના જાય...'

એ છોકરીનું મોઢું પડી ગયું. એ થોડી ભારે શરીરવાળી હતી. ચોખ્ખા શબ્દોમાં કહું તો જાડી હતી. એનું આ ભારે શરીર એની નૃત્યકલામાં ભલે ક્યારેય બાધારૂપ નહતું બન્યું પણ રાત દિવસ પ્રેક્ટિસ કર્યા બાદ જ્યારે સ્ટેજ ઉપર જવાનો દિવસ આવતો એ અંદરથી થોડી થોડી તૂટી જતી હતી. બીજી પાતળી છોકરીઓની નાજુક કમર સામે જોઈ, એને પોતાની ઉપર શરમ આવતી...

ખૂબ દેખાવડી એક છોકરીની ટુંકી બાયની કુર્તીમાંથી એના રૂંવાટી ભરેલા હાથ દેખાઈ આવતાં હતાં. મારી નજર એના હાથ ઉપર પડી એ એણે તરત નોંધ્યું અને કહે, 'મારે આખા શરીર પર રૂંવાટી છે. પગ ઉપર તો સૌથી વધારે અને છતાં એને દૂર કરવાનો વિચાર મને ક્યારેય નથી આવતો.'

મને એની વાતમાં રસ પડ્યો. મેં પૂછ્યું કે, 'જાહેરમાં ક્યારેય સંકોચ નથી થતો?'

એણે તરત કહ્યું, 'તમે જ કહો, હું રૂપાળી છું કે નહીં? જોનારને મારા ચહેરા કરતા મારા શરીર પરની રૂંવાટીમાં વધારે રસ શા માટે હોવો જોઈએ?'

આમ જુઓ તો એ છોકરીની વાત સાવ ખોટી પણ નથી. સ્ત્રીના શરીર સામે જોઈ રહેનાર પુરુષ કરતા એના ચહેરા સામે, એની આંખોમાં આંખો મિલાવીને વાત કરનાર પુરુષ સ્ત્રીની નજરમાં સન્માનનીય હોય છે.

એક છોકરી યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવી ત્યારે એના વર્ગમાંથી કોઈકે કહ્યું, 'ભગવાને આટલી બધી અક્કલ આપી છે કાશ થોડું રૂપ પણ આપ્યું હોત.' એ છોકરી કંઇ કહેવા ગઈ પણ પછી ચૂપ થઈ ગઈ. આપણે બધાએ ક્યારેક ને ક્યારેક પરીકથા જરૂર સાંભળી છે અને એક ઉંમર સુધી એને સાચી માનીને એમાંથી અઢળક મજા પણ લૂંટી છે. પરીકથાની પરીઓ જેવી છોકરીઓ બધાને ગમે છે.



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

મોટા ભાગની છોકરીઓ મનથી પોતાને પરી માનતી હોય છે અને કેટલાય છોકરાઓને પરી જેવી પત્ની ગમતી હોય છે...પણ આ બધાં વચ્ચે એક ખૂબ અગત્યની વાત ભૂલાઇ જાય છે.

વાર્તાની પરી પાસે એક જાદુઈ લાકડી હોય છે. એ જેવી કોઈ મુસીબતમાં મુકાય કે તરત એની જાદુઈ છડી ગુમાવે અને મુસીબત ગાયબ... હકીકતની પરી પાસે આવી કોઈ જાદુઈ છડી નથી હોતી!

છોકરી જ્યારે નાની હોય ત્યારે એના માબાપ એના માટે જાદુઈ છડીની ગરજ સારે છે, એની દરેક ઈચ્છા પૂરી કરે છે. એ જ પરી યુવાન થાય, ઘરની બહાર નીકળતી થાય ત્યારે એના હાથમાં કોઈ જાદુઈ છડી નથી હોતી.

કોઈ એને જાડી કહી જાય અને એ અંદરથી તૂટી રહી હોય ત્યારે એ તૂટેલું દિલ જોડી આપે એવી કોઈ છડી એની પાસે નથી હોતી. એને શરીર પરથી રૂંવાટી ખેંચવાનું દર્દ સહેવું, ના સહેવું એ એની અંગત મરજી છે, એની એ મરજી પર ટકી રહેવા માટે એની મદદ કરવાવાળી કોઈ છડી એની પાસે નથી હોતી. તું કાળી છે, તું નીચી છે, તું જરાય સુંદર નથી...આવું બધું સાંભળવા મળે ત્યારે પરીની જેમ જીવવા ટેવાયેલી છોકરી શું વિચારતી હશે?

આમ જુઓ તો આજના જમાનાની દરેક છોકરી પાસે એ જાદુઈ છડી છે, જરુર છે એને ઓળખવાની, એને વાપરતા શીખવાની. આધુનિક પરીકથાની એ જાદુઈ છડી છે એનો આત્મવિશ્વાસ, એનો પોતાની જાત ઉપરનો ભરોસો. શા માટે એણે રાહ જોવી જોઈએ કે કોઈ પ્રિન્સ ચાર્મિંગ એના જીવનમાં આવશે અને એનું જીવન ખુશીઓથી ભરી દેશે? અરે, એ પોતે સક્ષમ છે એની પોતાની અને એની સાથે જોડાયેલી દરેક વ્યક્તિની જિંદગી બદલી નાખવા માટે...જરૂર છે પ્રયત્ન કરવાની.

**અમસ્તું,**

એ પરી જ્યાં તું કહીશ, 'આઈ લવ યુ' ત્યાંથી જવાબમાં દરેક વખતે તને, 'આઈ લવ યુ ટુ' નહીં જ મળે, સો વૉટ? તું ચાહી શકે એવા માણસો હજી આ દુનિયામાં છે અને એ જ છે જીવનની સૌથી મોટી ખુશી.

@kapadianiyati

# શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ ગાંધીનગર ખાતે ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૯

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટસ કૉલેજમાં ચાલતા IQAC Cell દ્વારા 'Microsoft Team - Teaching & Learning' વિષય અંતર્ગત ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાંત તરીકે ડૉ. અમિતભાઈ કે પરમારે કૉલેજના અધ્યાપકને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માઈક્રોસોફ્ટ ટીમનો ઉપયોગ કરી ટીચીંગ કેવી રીતે





આપવું તે વિશે વિગતે માહિતી આપી હતી. આ સિવાય ગૂગલ મીટનો ઉપયોગ કરી કૉલેજની વિદ્યાર્થીનીઓને ઓનલાઈન ટ્રેનિંગ આપી હતી. કૉલેજના આચાર્ય ડૉ. માનશંગ એમ ચૌધરી IQAC Cell ના કમિટિ મેમ્બર અને માઈક્રોસોફ્ટ ટીમના એડમીન ડૉ. વાઘેલા હેમાંગિની અને કૉલેજના સમગ્ર સ્ટાફના સહયોગથી આ કાર્યક્રમ સફળ બનાવવામાં આવ્યો હતો.

# વડનગર સ્થિત હાટકેશ મંદિરમાં દર્શનાર્થીઓને વધતી સમસ્યા

ગાંધીનગર, તા. ૯

મહેસાણા જિલ્લામાં વડનગર ખાતે નાગર જ્ઞાતિના ઈષ્ટદેવ હાટકેશ ભગવાનનું મંદિર આવેલું છે. નાગરો વારે તહેવારો આ મંદિરે દર્શનાર્થે આવતા હોય છે. પરંતુ સમય જતા આ મંદિરનો વહીવટ મંદિર કરતા દુકાનમાં પરિવર્તિત પામ્યો છે.

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ) રાજયકક્ષાના અધ્યક્ષ અરુણભાઈ બુચના જણાવ્યા અનુસાર ૧-૧૨-૨૦૧૭ના હુકમ મુજબ ચેરિટી કમિશ્નરની દૃષ્ટિએ રજિસ્ટરમાં કોઈ કાયમી ટ્રસ્ટી રહ્યા નથી. તેવું જજમેન્ટ સંયુક્ત ચેરિટી કમિશનર, મહેસાણાએ આપ્યા પછી કોઈ કોર્ટનો સ્ટે ન હોવા છતાં ટ્રસ્ટનો વહીવટ જૂના ટ્રસ્ટીઓ ચલાવે છે.

વડનગરના આ હાટકેશ મંદિરમાં ૮ ભક્તો પાસેથી ૫૦૦ રૂા. ઉઘરાવીને પછી પૂજા માટે મંદિરમાં પ્રવેશ અપાયો હતો. તેનાંથી એક ભક્તનો કાયદા વિભાગના પૂર્વ સચિવ પણ હતા. આમ ઘણા લોકોને આ મંદિરના વહીવટનો કડવો અનુભવ થયેલ છે. સંયુક્ત ચેરિટી કમિશનર મહેસાણા તથા કલેકટર મહેસાણા આ પ્રશ્નનું અંગત રસ લઈ જલ્દી થઈ નિરાકરણ લાવે અને લોકમાંગણીને ન્યાય આપે તેમ સૌ ઈચ્છી રહ્યા છે.

# વૃંદાવનના સાધ્વી શુભાંગી ભાગવતજી અશ્વિન ત્રિવેદી પરિવારના મહેમાન બન્યા



ગાંધીનગર, તા. ૯

વિશ્વવિખ્યાત અને પવિત્ર યાત્રધામ વૃંદાવનના સાધ્વી શુભાંગી ભાગવત જી આજરોજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્યકક્ષા)ના ઉપપ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદીના મહેમાન બનેલ હતા. આ પ્રસંગે ત્રિવેદી દંપતીએ હિન્દૂ પરંપરા અનુસાર સાધ્વીનું સ્વાગત અને પૂજન કર્યું હતું. પૂજન દરમ્યાન રાજપૂત સમાજના અગ્રણી અરૂણસિંહ રાજપૂત અને પ્રિતેશ શાહ જોડાયા હતા. સાધ્વીએ તમામને વૃંદાવન ખાતે પોતાના ભવ્ય આશ્રમમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું હતું.

# સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વચ્ચે સમજૂતી કરાર

ગાંધીનગર, તા. ૯

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સાથે ૪થી સપ્ટેમ્બરે બંને યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુ સાથે શારીરિક શિક્ષણ, રમત વિજ્ઞાન અને રમત ટેક્નોલોજીના માધ્યમથી પારસ્પરિક હિતોના ઉત્તેજન અને વિકાસ માટે ઉચ્ચ શિક્ષણ, સંશોધન તેમજ પ્રશિક્ષણના કાર્યમાં સહયોગ સાધવા સમજૂતી શૈક્ષણિક વિભાગો મારફતે અંદાજિત ૪.૫ લાખ વિદ્યાર્થીઓ સુધી પહોચવાની નેમ સાથે જણાવેલ કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતા અને માર્ગદર્શન હેઠળ ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત દિ. ૧૫-૦૮-૨૦૨૦થી દિ. ૦૨-૧૦-૨૦૨૦ દરમિયાન આયોજિત "ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન" કાર્યક્રમનો સંદેશ યુનિવર્સિટીના તમામ પ્રાધ્યાપક તથા વિદ્યાર્થી સ્વયં બ્રાન્ડ એમ્બેસેડર બની ૬.૫ કરોડ ગુજરાતીઓ સુધી પહોચડવા અને રમત ટેકનોલોજીના માધ્યમથી સર્જનશીલ, સંવેદનશીલ તથા સાહસિક બનાવવા એવા ઉમદા હેતુથી આ સમજૂતી કરારને ખરા અર્થમાં ચરિતાર્થ કરવાનો સંકલ્પ લીધો હતો.

આ પ્રસંગે ડો. બાબાસાહેન આંબેડકર યુનિવર્સિટીના માનનીય વાઈસ ચાન્સેલર પ્રો. (ડો.) અમીબેન ઉપાધ્યાયે પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં જણાવેલ કે, સમાજજીવનમાં સ્ત્રીની ઉત્તમ ફિટનેશનું મૂળભુત કારણ તેની



કરાર કરવામાં આવ્યા. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના આદરણીય કુલપતિ તથા ફિટ ઈન્ડિયા મુવમેન્ટના બ્રાન્ડ એમ્બેસેડર ડૉ. અર્જુનસિંહ રાણાએ આ સમજુતી કરાર અંતર્ગત ડો. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીના વિવિધ આહ્વાન કર્યું હતું. આ સમજૂતી કરાર અંતર્ગત ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય વિજય રૂપાણી સાહેબના "Sports Education for All"ના મિશનને સાકાર કરવા તથા ગુજરાતના તમામ વિદ્યાર્થીઓ સુધી શારીરિક શિક્ષણ, રમત વિજ્ઞાન દિનચર્યા અને સામાજિક જવાબદારી છે. તદુપરાંત તેઓએ જણાવેલ કે ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત આયોજિત "ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન" એ વાસ્તવમાં વિવિધ આગ્રહો તથા પુર્વગ્રહોમાંથી મુક્તિ મેળવવા અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવાની નેમ સાથે આ સમજૂતી કરારનો હેતુ વિવિધ કાર્યક્રમો દ્વારા સાર્થક કરવા કટિબધ્ધતા દર્શાવેલ. આમ, બંને યુનિવર્સિટીઝના કુલપતિએ "Fit Nation... One Nation..." સૂત્રને સાકાર કરી વિદ્યાર્થીઓ અને નાગરિકોને બળવાન, ચારિત્ર્યવાન અને રાષ્ટ્રવાદી બનાવવાનો સંકલ્પ લીધેલ. આ પ્રસંગે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલસચિવ સંજય જોશી (GAS) એ ઉપસ્થિત સર્વે શ્રોતાઓને સ્વયંજાગૃત થઈ પોતાના નાના યોગદાનથી રાષ્ટ્રયાગમાં આહુતિ આપવા અપીલ કરેલ અને ડો. બાબાસાહેન આંબેડકર યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. ભાવિન ત્રિવેદીએ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.




શ્રાદ્ધના દિવસોમાં શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગોઢ મુકામે પાંચ ગામનાં ૭૧ લાભાર્થીઓ તથા સદ્રેશ્વર મહાદેવ પાસે ત્રણ ગામના ૩૫ અને ભેટાલી ચાર રસ્તા પાસે ત્રણ ગામનાં ૧૪ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખા, ચાના પૅકેટ તથા બિસ્ટીકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગોઢ મુકામે બે ગામનાં આઠ લાભાર્થીઓને મોટા પ્લાસ્ટિક પણ આપ્યા હતા. દર્શન મોદી, મહર્ષિ, દિનેશભાઈ તથા મિલિન્દભાઈ આ કાર્યમાં હાજરી પુરાવી હતી. ત્યાંથી ભીમજીભાઈ ગામેતી આવ્યા હતા. પ્લાસ્ટિક ચંદ્રિકાબેન ટાંક તરફથી પ્રાપ્ત થયા હતા.



સેક્ટર-૩માં આવેલ એસ. એસ. કેમ્પસમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વાપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં વિશ્વ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે બી.એ.પટેલએ હાજરી આપી હતી. આયોજન દરમ્યાન એસ.એસ.વી કેમ્પસમાં અભ્યાસ કરાવતાં શિક્ષકોને બેસ્ટ ટીચર, બેસ્ટ કો-ઓર્ડીનેટર તથા અપ્રિશિયેશન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવી એક દિવસીય શિક્ષક અને વિશ્વ શિક્ષક દિવસની ઉજવણીમાં યોગ્ય ભાગ ભજવ્યો હતો.

## જન્મદિને વધામણી




**અતુલ અમીન**
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૭૭૮૯ ૭૨૬૫૦



**વિરેન કે પ્રજાપતિ**
મો. ૭૯૯૦૯ ૫૪૧૪૯




**હાર્દિક પ્રકાશભાઈ નાયી**
મો. ૭૯૮૪૨ ૬૨૧૮૯



**તરંગ જિતેન્દ્ર પરમાર**



**પૂજન સી ગોસ્વામી**
મો. ૯૩૭૫૦ ૨૮૭૯૯



**દિપકભાઈ દવે**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**યશ એમ પટેલ**
ટ્રસ્ટી, સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



**ઉજ્જવલ દરજી**
મો. ૭૨૮૪૦ ૧૨૯૬૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક


# દેશ વિકાસના પાયામાં નવી શિક્ષણ નીતિનું બહુમૂલ્ય યોગદાન હશે : શિક્ષણમંત્રી

(ગઈકાલથી આગળ....)

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની જગ્યાએ હવે દેશમાં હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયાની રચના કરવામાં આવશે. જેના અધ્યક્ષ સ્થાને દેશના વડાપ્રધાનની બંધારણીય રીતે જોગવાઈ કરવામાં આવશે. આ ઉપરાંત મેડિકલ, લિગલ અને ટેકનિકલ વગેરે જેવી અલગ-અલગ બોડી સમાપ્ત થશે. આવનારા ૧૫ વર્ષમાં તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓને સ્વતંત્ર ચલાવવાની માન્યતા અપાશે. જેથી કરીને આગામી વર્ષોમાં કોઈપણ કોલેજને એફિલેશન લેવાની જરૂર પડશે નહીં. જેના કારણે શિક્ષણનો વ્યાપ પણ વધશે. દેશની યુવા પેઢી અત્યારે કેન્દ્ર સરકારના આત્મનિર્ભર ભારત અભિયાનમાં સહયોગી થવા માટે અનેક પ્રકારે કાર્યરત છે. તેમના આ પ્રયાસને વેગવંતો બનાવવા અને તેમાં સહાયરૂપ થવાના હેતુથી નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની રચના કરવામાં આવશે જેના કારણે યુનિવર્સિટી અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે રિસર્ચ સંબંધિત કાર્ય પણ કરી શકે. તે માટે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા ફંડ પુરુ પાડવામાં આવશે. જેનાથી ભારત દેશની ઈકોનોમીમાં પણ આમૂલ પરિવર્તન જણાશે.

રીસર્ચ સંબંધિત કોર્સ માટે વિદ્યાર્થીઓ ચાર વર્ષનો અંડર ગ્રેજ્યુએશન કરીને રીસર્ચ ગ્રેજ્યુએટની ડિગ્રી પ્રાપ્ત કરી શકશે. હાયર એજ્યુકેશનમાં આ બાબતે મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થી માસ્ટર ડિગ્રી મેળવીને પીએચડીમાં સિધો પ્રવેશ મેળવી શકશે. હવે એમ.ફીલ કોર્સને બંધ કરવામાં આવ્યો છે. ૪ વર્ષના અંડર ગ્રેજ્યુએટ કોર્સમાં વિદ્યાર્થીઓ માટે મલ્ટીપલ એક્ઝિટ ઓપ્શન પણ રાખવામાં આવ્યા છે. જેથી કરીને જો વિદ્યાર્થી કોઈ એક વિષયમાં ગ્રેજ્યુએશન શરૂઆત કરે છે. અને તે વિશય અનુકૂળ પડતો નથી તો પ્રથમ વર્ષ પછી તે અભ્યાસક્રમ છોડે તો તેને જે-તે વિષયમાં એક વર્ષનો સર્ટિફિકેટ કોર્સ કરેલો માન્ય રાખવામાં આવે છે. જો ૨ વર્ષ અભ્યાસ કરીને કોર્સ છોડે તો, એડવાન્સ ડીપ્લોમાં સર્ટિફિકેટ આપવામાં આવશે. ૩ વર્ષ પછી અભ્યાસક્રમ છોડે છે તો, બેચલર ડિગ્રીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. જો વિદ્યાર્થી સંપૂર્ણ ચાર વર્ષ પૂર્ણ કરે છે, તો તેને બેચલર ડિગ્રી અને રિસર્ચરની ઉપાધીથી નવાજવામાં આવશે. આમ જો કોઈ વિદ્યાર્થી સામાજિક, આર્થિક કે અન્ય કોઇ કારણોસર પોતાનો અભ્યાસ છોડે છે, તો તેના દ્વારા અભ્યાસ કરવામાં આવેલા વર્ષને ફેલ ગણવામાં આવતું નથી. ભવિષ્યમાં પણ તે વિદ્યાર્થી આ તમામ પ્રકારના સર્ટિફિકેટ કોર્સ દ્વારા રોજગાર સંબંધિત બાબતોમાં પણ નોંધણી કરાવી શકે છે. ચાર વર્ષ સુધી અંડર ગ્રેજ્યુએટ ડિગ્રીનો અભ્યાસક્રમ કર્યો હશે તેવા વિદ્યાર્થીને માસ્ટર ડિગ્રી માત્ર એક વર્ષ માટે જ કરવાની રહેશે અને જો તને ત્રણ વર્ષનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હશે, તો ૩૪૨ના ફોર્મેટમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ કરવો પડશે. ત્યારબાદ પીએચડી જેવા ઉચ્ચ અભ્યાસક્રમો માટે પ્રવેશ મેળવી શકશે. ઉચ્ચ અભ્યાસમાં આ પ્રકાર એકેડેમિક બેંક ઓફ ક્રેડીટ લાગુ કરીને તેમના કોર્સ અને ટકાવારીને માન્ય રાખતાં વિદ્યાર્થીઓના હિતલક્ષી નિર્ણયને કારણે આગામી દિવસોમાં દેશના યુવાનોને આર્થિક અને શૈક્ષણિક રીતે પણ ખૂબ જ મોટા પ્રમાણમાં ફાયદો થશે. જેથી કરીને નવી શિક્ષણ નીતિ આગામી પેઢીને સાચા અર્થમાં ફળશે.

૨૧મી સદીનો સમય એટલે કે, ટેકનોલોજી અને યુવા ટેકનોક્રેટનો સમય. આજના આધુનિક શિક્ષણમાં ટેક્નોલોજીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને દેશના દરેક ક્ષેત્રમાં શિક્ષણનું આદાનપ્રદાન થાય , તે હેતુસર નવી શિક્ષણ નીતિ દ્વારા નેશનલ એજ્યુકેશન ટેકનોલોજીકલ ફોરમ બનાવવામાં આવશે. જેમાં ટીચિંગ , લર્નિંગ , એસેસમેન્ટ એજ્યુકેશન અને પ્લાનિંગ તથા કેટલાક સમુદાય સંબંધિત ઓપન ઓનલાઈન કોર્સિસ, દિવ્યાંગો માટે ફ્રેન્ડલી એજ્યુકેશન સોફ્ટવેર અને જુદી-જુદી ભાષાઓમાં સ્પર્ધાઓના કારણે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે ઈ-કોન્ટેસ્ટ પણ ચલાવવામાં આવશે. રિસર્ચ સંબંધિત કેટલીક બાબતોને ધ્યાનમાં રાખતા વર્ચ્યુઅલ લેબનો પણ પ્રારંભ કરવામાં આવશે. વિદ્યાર્થીઓની પરીક્ષામાં પારદર્શકતા લાવવાના હેતુસર ઓનલાઈન પરીક્ષાનું પણ આયોજન આગામી વર્ષોમાં



કરવામાં આવશે.

ચાણક્ય દ્વારા કહેવામાં આવ્યું છે કે, શિક્ષક કયારેય સાધારણ નથી હોતો. આપણા સમાજે શિક્ષક માટે 'મા' ના સમકક્ષનું સ્તર એટલે કે માસ્તર જેવા શબ્દોથી તેમને બિરદાવ્યા છે. નવી શિક્ષણ નીતિમાં જેટલા પણ બદલાવ કરવામાં આવ્યા છે. તેના કેન્દ્રસ્થાને શિક્ષકને રાખવામાં આવ્યા છે. કારણકે તે આપણી આગામી પેઢીને ઉજાગર કરે છે. તેમને સન્માનપૂર્વક સ્થાન આપવા માટે યોગ્ય પ્રકારના પગલા આ નીતિમાં લેવામાં આવ્યા છે. ઉચ્ચ ગુણવત્તાવાળા અભ્યાસુ શિક્ષકોની ભરતી કરવાના હેતુસર, આગામી સમયથી સીટેટ અને ટેટમાં ઈન્ટરવ્યૂ અને પ્રેક્ટીકલ સંબંધિત પરીક્ષાનો ઉમેરો કરવામાં આવશે. આ ઉપરાંત ભાષાને પણ એટલું જ મહત્વ આપીને માતૃભાષાના જાણકાર શિક્ષકોને પ્રાધાન્ય અપાશે. વિદ્યાર્થીના જીવનમાં શિક્ષકનું પાત્ર ખૂબ જ મહત્વનું હોય છે. જે તેમના જીવન ઘડતર અને વ્યક્તિત્વ ઘડતરના પાયાના મૂળમાં સંસ્કાર અને જ્ઞાનનું સિંચન કરે છે. આ તમામ પાંસાઓને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં શિક્ષકોની આંતરિક બદલીઓમાં પણ ઘટાડો કરવામાં આવશે. જે વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવું છે. તેઓ ૪ વર્ષનો બી.એડનો અભ્યાસક્રમ ધોરણ-૧૨ પછી કરી શકશે. જો કોઈ વિદ્યાર્થી ૪ વર્ષ અંડર ગ્રેજયુએટ થઈને બી.એડ. કરવા ઈચ્છતો હોય તો તેને ૪ ૪ ૧ અથવા ૨ વર્ષનો કોર્સ કરવો પડશે આ રીતે વિદ્યાર્થીઓના અભ્યાસના વર્ષને સાંકળીને ઉત્તમ પ્રકારની શિક્ષણ નીતિ ભારત દેશને મળશે.

દેશના દરેક ક્ષેત્રમાં આર્થિક બાબતોને ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. કારણકે તેના ખર્ચ સંબંધિત બાબતોને આપણા વાર્ષિક બજેટમાં પણ ધ્યાનમાં લેવામાં આવે છે. શિક્ષણ સંબંધિત ખર્ચ બાબતે અત્યાર સુધી આવેલી તમામ શિક્ષણ નીતિમાં દેશની કુલ જી.ડી.પીના ૬% ભાગ શિક્ષણ પર ખર્ચવાનો નિર્ધાર કરવામાં આવેલ છે. પરંતુ હાલના સમયમાં પણ તે ૪.૪૩% જ છે. સરકાર દ્વારા આગામી દિવસોમાં આ ટકાવારીમાં વધારો થાય અને કુલ જી.ડી.પી ના ૬% શિક્ષણ પાછળ ખર્ચાય તે બાબતે નક્કર પગલાં લેવામાં આવશે. આ ખર્ચમાં વિદ્યાર્થીઓના વિકાસ સંબધિત અનેક યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થી અવસ્થામાં શિક્ષણની સાથે-સાથે પોષણક્ષમ આહાર પણ ખૂબ જ જરૂરી છે. જેના માટે મધ્યાન ભોજનનો કાર્યક્રમ વિસ્તૃત કરવામાં આવશે. જેમાં પૌષ્ટિક નાસ્તો અને પોષણક્ષમ ભોજન પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ભાષાકીય અને ગણિત જેવા વિષયમાં વિદ્યાર્થીઓને રુચિ વધે તે માટે રાષ્ટ્રિય શિક્ષક પોર્ટલ પર ભાષા અને ગણિતના સંસાધનોનો રાષ્ટ્રીય ભંડાર ઉપલબ્ધ કરવામાં આવશે. વાંચની પ્રવૃતિને વેગ મળે તે હેતુસર, જાહેર અને શાળાના પુસ્તકાલયને વિસ્તૃત કરવામાં આવશે. જેના માટે શાળાકીય સુયોજનના તમામ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પરિવહન તેમજ વિદ્યાર્થીઓની સલામતી બાબતે પણ તમામ પ્રકારના પગલાં ભરવામાં આવશે. સ્વાસ્થ સંબંધિત સમસ્યાઓને કારણે જે વિદ્યાર્થીઓ શાળામાં આવવા અસમર્થ હોય, તેવા કિસ્સામાં શાળાઓમાં આરોગ્ય કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. દેશનુ કોઈ પણ બાળક શિક્ષણ મેળવવાના હકથી વંચિત ના રહી જાય અને દેશમાં દરેક બાળક માટે સમાન અને વ્યાપક શિક્ષણ પ્રણાલી સ્થપાય. દેશના ચોક્ક્સ અવિકસીત વિસ્તારોમાં ખાસ શૈક્ષણિક ક્ષેત્રની સ્થાપના કરવાની જોગવાઈ પણ આગામી બજેટમાં સાંકળી લેવામાં આવશે. રાજ્યોના સામાજિક આર્થિક સૂચકાંકોના આધારે આ ક્ષેત્ર જાહેર કરવા અને તેને પ્રોત્સાહિત કરવાની નાણાકિય સહાય કેન્દ્ર સરકાર પૂરી પાડશે. આમ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થી અને સમાજ ઘડતરમાં એક વિશિષ્ટ ઉદાહરણ પૂરૂ પાડશે. **(સમાપ્ત)**